सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૫.૦૪.૨૦૨૪ |
| નોંધ્યા તારીખ | ૧૫.૦૪.૨૦૨૪ |
| ફેંસલ તારીખ | ૦૩.૦૨.૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ ૦૦ માસ ૦૯ દિન ૧૯ |

---

**પાટણના એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટ, મુ. પાટણ.**

---

**ફોજદારી કેસ નંબર :– ૧૨૧૪/૨૦૨૪**
**આંક :– ૨૮.**

**ફરિયાદી** :– ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિરૂધ્ધ...**

**આરોપી** :– લવકુમાર મહેન્દ્રભાઈ વણકર,
ઉ.વ.આ.૨૮,
રહે.વણકરવાસ, ગામ વિસલવાસણા, તા.જી.પાટણ.

**ગુનો :–** ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૧૮૭ મુજબ.

---

**ફરિયાદ પક્ષ તરફે : વિ.એ.પી.પી.શ્રી એ.આર.ભટ્ટ**
**આરોપી તરફે : વિ.વ.શ્રી પી.પી.જંગરાલા**

---

**–:: જ જ મે ન્ટ ::–**

**૧.** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા.૦૮/૦૧/૨૦૨૪ ના કલાક ૨૧/૦૦ વાગે ચાલતા પોતાના ઘરે જતા હતા તે દરમ્યાન પાછળથી આવતી ગાડી નં.જીજે.૦૧.કેએ.૨૮૮૭ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે તેની ગાડી હંકારી ફરીયાદીને અકસ્માત કરતા નાની મોટી ઈજાઓ કરી

જમણા પગે ફ્રેકચર કરી તેની ગાડી લઈ નાસી જઈ ગુનો કરેલ છે. જે મતલબની ફરિયાદ આ કામના ફરિયાદીએ બાલીસણા પોલીસ સ્ટેશનમાં આપતાં બાલીસણા પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટ્રર નં.૧૧૨૧૭૦૦૪૨૪૦૦૧૪/૨૦૨૪ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસ કરી, તપાસના અંતે આ કામના આરોપી વિરૂધ્ધ ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૧૮૭ મુજબના શિક્ષાને પાત્ર ઉપરોકત ગુનાનું આંક–૧ વાળું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

**૨.** આ કામના આરોપીને સમન્સ કરતાં, આ કામના આરોપી અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ અન્વયે આરોપીને તેઓની સામેના પોલીસ કેસના કાગળોની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે આંક–૦૪ થી ઈ.પી.કોડની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૧૮૭ મુજબના શિક્ષાને પાત્ર ગુનાની પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતાં ફરીયાદ પક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**3.** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખીક પુરાવો ::–**

| **ક્રમ** | **સાહેદનું નામ** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી પિયુશકુમાર શૈલેષભાઈ મકવાણાની જુબાની | ૧૦ |
| ૨ | પંચ સાહેદ દશરથભાઈ ઘુળાભાઈની જુબાની | ૧૨ |
| ૩ | સાહેદ શૈલેષભાઈ હરજીભાઈની જુબાની | ૧૫ |
| ૪ | સાહેદ મનોજભાઈ સેવંતીલાલની જુબાની | ૧૬ |
| ૫ | આઈ.ઓ. ગંગાબેન ભીખાભાઈની જુબાની | ૧૯ |

**-:: દસ્તાવેજી પુરાવો ::-**

| ક્રમ | વિગત | આંક |
| --- | --- | --- |
| ૧ | ફરીયાદ | ૧૧ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૩ |
| ૩ | મેડીકોલીગલ સર્ટીફીકેટ | ૧૭, ૨૪ |
| ૪ | ડેપ્યુટ હુકમ | ૨૦ |
| ૫ | ડ્રાઈવીંગ લાઈસન્સ, વાહનનો વીમો, આર.સી.બુક | ૨૧ થી ૨૩ |

**૪.** ઉપરોકત પુરાવો રજુ થયા બાદ આ કામના આરોપીના ક્રિ.પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ અને અમારા ઉપર ખોટો કેસ કરેલ છે.

**૫.** શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એ.આર.ભટ્ટ તથા આરોપી તરફે વિ.વકીલશ્રી પી.પી.જંગરાલાની મૌખિક દલીલો સાંભળી.

**૬.** સબબ, આ કેસના નિર્ણય અને નિકાલ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના ફરીયાદી તા.૦૮/૦૧/૨૦૨૪ ના કલાક ૨૧/૦૦ વાગે ચાલતા પોતાના ઘરે જતા હતા તે દરમ્યાન પાછળથી આવતી ગાડી નં.જીજે.૦૧.કેએ.૨૮૮૭ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે તેની ગાડી હંકારી ફરીયાદીને અકસ્માત કરતા નાની મોટી ઈજાઓ કરી જમણા પગે ફ્રેકચર કરી તેની ગાડી લઈ નાસી જઈ, ઈ.પી.કોડની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની

કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૧૮૭ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ.

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નં. ૧ :–**

૮. ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૧૦૧ થી કલમ–૧૦૩ મુજબ આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષના શીરે છે. આ કામે ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં ફરીયાદી પિયુષકુમાર શૈલેષભાઈ મકવાણાને આંક–૧૦ થી તપાસવામાં આવેલ છે. ફરીયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, બનાવના અરસામાં તેઓ મજુરી કરી તેઓના પરીવારનું ગુજરાન ચલાવતા હતા અને તેઓના પરીવારમાં તેઓના માતા–પિતા અને બે ભાઈ અને એક બહેન છે અને તેઓ સાથે રહે છે. બનાવ તા.૦૮/૦૧/૨૦૨૪ ના રાતના નવ વાગ્યાના સુમારે બનેલો. બનાવમાં તેઓ બાલીસણા ગામના રોડ પર ચાલતા ચાલતા તેઓના ઘરે જતા હતા અને તેઓના ગામ ખાતે ગુરૂનગર સોસાયટી સામે ડેર ચોકડી પાસે પહોચતા તેઓની પાછળથી ઉંઝા રોડ તરફથી એક નાની ગાડી વેગેનાર આવેલી અને તેમને ટકકર મારીને નાસી ગયેલી અને તેઓ રોડ પર પટકાયેલ અને તેમને કપાળના તથા બંને હાથ તથા પાસળીના ભાગે તથા જમણા પગે ઈજાઓ થયેલી. તે વખતે આજુબાજુના લોકો ભેગા થઈ ગયેલા અને તે વખતે તેઓના બાપાનો દીકરો મનોજભાઈ સેવંતીલાલ આવી ગયેલા અને તે વખતે તેમને તેઓ એક પ્રાઈવેટ વાહનમાં ધારપુર સીવીલમાં સારવાર માટે લઈ ગયેલા. ત્યાં તેમને ઈમરજન્સી વોર્ડમાં સારવાર માટે

લઈ ગયેલા. તેના પછી તેમને ઓર્થોપેડીક વિભાગમાં સારવાર માટે મોકલેલ. ત્યાં તેમને ડોકટરે તેઓને જમણા પગે ઢીંચણના નીચેના ભાગે ફ્રેકચર થયેલાનું ડોકટરે જણાવેલ અને તેઓના પગનું ઓપરેશન કરવાનું જણાવેલું. તેઓ તે વખતે થોડા ભાનમાં હતા. અકસ્માત કરનાર ગાડીનો નંબર તેમને પાછળથી જાણવા મળેલ કે, સદર ગાડી વેગેનાર ગાડી હતી અને તેનો નં.જીજે.૦૧.કેએ.૨૮૮૭ નો હતો. આ ગાડીના ચાલકનું નામ પાછળથી જાણવા મળેલ કે, લવકુમાર મકવાણા નાઓ હતા. આ લવકુમારે તેમને અકસ્માતનો ખર્ચ આપવાની વાત કરેલ હતી અને પાછળથી તેને તેઓનો સારવાર ખર્ચ આપવાની ના પાડી આથી તેમણે આ બનાવની ફરીયાદ દાખલ કરેલી. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં તેઓની ફરીયાદી તરીકે સહી છે જે ઓળખી બતાવે છે. જે આંક–૧૧ થી રજુ કરેલ છે. આ કામના આરોપીને તેઓ જોયે ઓળખી શકે. તેઓ આજરોજ કોર્ટમાં હાજર છે.

૮.૧ આ ફરીયાદીની આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ ધોરણ– ૧૦ સુધી ભણેલ છે. આ બનાવ રાતના નવ વાગ્યાના સુમારે બનેલો. વધુમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે ઘણું અંધારું હતું. બનાવ બનેલ તે જગ્યાએથી તેઓનું ઘર નજીકમાં છે. આ વાહન ફુલ સ્પીડમાં હતું અને તે સ્પીડ ૮૦ થી ૯૦ ની હતી. વધુમાં બચાવ પક્ષે સવાલ પુછેલ છે કે, આ વાહનના ચાલકે પાછળથી ટકકર મારેલ હોય તો તમને તેના ચાલકને જોયેલ નહી ? તેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, ૫૦% જોયેલ. વધુમાં આ ૫૦% માં તેમણે તેનું મોઢું જોયેલ. વધુમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના દિવસે તેમણે ફરીયાદ આપેલ નહી.

૯. આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૨ થી પંચ સાહેદ દશરથભાઈ ધુળાભાઈને તપાસવામાં આવેલ છે. આ પંચ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, આજથી આઠેક મહીના પહેલા પોલીસે તેમને પીયુશભાઈ શૈલેષભાઈને અકસ્માત થયેલ

તે જગ્યાએ પંચમાં રહેવા સમજ કરેલી. આ જગ્યાવાળા સ્થળે મનોજકુમાર સેવંતીલાલ મકવાણા તથા તેઓ હાજર હતા. અકસ્માતવાળી જગ્યા જોતા ઉંઝાથી પાટણ જતા હાઈવે ઉપર ડેર ચોકડી પાસે ગુરૂજી સોસાયટી આગળ બાલીસણા ગામ પાસે આવેલી હતી. સદર બનાવવાળી જગ્યાએ પાકો હાઈવે આવેલ હતો. બનાવવાળી જગ્યાએ લોહીના ડાઘા પડેલા હતા. ગુનાવાળી જગ્યાએ અકસ્માત કરનાર વાહન પડેલ ન હતું. બનાવવાળી જગ્યાની પુર્વ–પશ્ચિમે પાટણ થી ઉંઝા તરફ જતો હાઈવે હતો. નજીકમાં ઉત્તરે ગુરૂજી સોસાયટી આવેલી હતી અને દક્ષિણે બાલીસણા ગામ તરફ જવાનો રસ્તો આવેલ હતો. સદર પંચનામું તેઓની હાજરીમાં કરેલ અને તે પંચનામું બરાબર લાગતા તેમણે તેમાં સહી કરેલી. તેમને ગુનાવાળી જગ્યાનું પંચનામાની નકલ તેમને કોર્ટના રેકર્ડમાંથી બતાવાવમાં આવે છે તેમાં પંચ નં ૧ તરીકે તેઓની સહી છે જે ઓળખી બતાવે છે. જે આંક–૧૩ થી રજુ કરેલ છે. જયારે આ પંચસાહેદની આરોપીના વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં ન આવતાં ઉલટતપાસનો હકકબંધ કરવામાં આવેલ છે.

**૧૦.** આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૫ થી સાહેદ શૈલેષભાઈ હરજીભાઈને તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ મજુરી કરી તેઓના પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. તેમાં સૌથી મોટો પીયુષ છે. બનાવ આજથી આશરે આઠેક મહીના પહેલા બનેલ. બનાવ આશરે નવ થી સાડા નવના સુમારે બનેલ. બનાવ ડેર રોડ ચોકડી પાસે ગુરૂનગર સોસાયટીની સામે બનેલો. તે રોડ ઉંઝાથી પાટણ તરફનો રોડ કહેવાય. બનાવ સમયે તેઓ તેઓના ઘરે હતા. બનાવના દીવસે તેઓના ભત્રીજા મનોજનો તેઓની ઉપર ફોન આવેલ અને ફોન કરી તેમને જાણ કરેલ કે, પુરઝડપે આવતી ગાડીએ પીયુશને ટકકર મારેલ છે અને પીયુષને પગે ફેકચર થયેલ છે અને તેઓ તેને ધારપુર લઈ ગયેલ છે તો તમે ધારપુર આવો. આથી તેઓ તરત જ ધારપુર ગયેલા અને તેમણે જઈને જોયેલ તો તેઓના દીકરા પીયુશને કપાળમાં તથા હાથે તેમજ ડાબા પગે વાગેલ. તેને ડાબા પગે

ફ્રેકચર થયેલ હતું અને તેની સારવાર ચાલુ હતી. ડોકટરે તેનું બીજા દીવસે ઓપરેશન કરેલું. કઈ ગાડી ટકકર મારીને ગયેલ તે નંબર તેમણે તેઓના ભત્રીજા મનોજે કહેલ. તે ગાડીના ડ્રાઈવરનું નામ લવભાઈ મકવાણા છે અને તેનો ગાડીનો નં.જીજે.૦૧.કેએમ. ૨૮૮૭ નો હોવાનું જણાવેલ. સમાધાન બાબતે તેમણે લવકુમાર સાથે કોઈ વાત કરેલ નહી પણ તેઓના કાકા દશરથભાઈ સાથે તેને વાત કરેલી. સારવાર ખર્ચ આપવા બાબતે સમાધાન થયેલ નહી. ફરીયાદ તેઓના દીકરા પીયુશે આપેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલી. તેઓ આરોપીને ઓળખતા નથી.

**૧૦.૧** આ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે તેઓ ઘરે હતા.

**૧૧.** આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૬ થી સાહેદ મનોજભાઈ સેવંતીલાલને તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ મજુરી કરી તેઓના પરીવારનું ગુજરાન ચલાવે છે. તેઓને સંતાનમાં એક દીકરી છે. બનાવની તારીખ તેમને યાદ નથી. બનાવ આશરે સાત થી આઠ મહીના પહેલા રાતના નવેક વાગ્યાના સુમારે બનેલ. બનાવ ડેરના નાકાની સામે ઉંઝા પાટણ હાઈવે ગુરૂનગર સોસાયટીની સામે રોડ પર બનેલો. બનાવના દીવસે આશરે નવ વાગ્યે તેઓ ત્યાં આવેલા પાર્લર ઉપર બેઠેલા હતા તે વખતે ઉંઝા હાઈવે ઉપર રોડ તરફ એક નાની ગાડી ઉંઝા સાઈડથી પુરઝડપે આવેલી અને તેઓના કાકાના દીકરા પીયુશભાઈને પુરઝડપે આવીને ટકકર મારી નાસી ગયેલ અને તેઓનો ભાઈ પીયુશ રોડ પર પટકાતા કપાળમાં તથા બંને હાથ તથા પાસળીના ભાગે તેમજ જમણા પગે ઈજા થયેલી અને આજુબાજુના લોકો ભેગા થઈ ગયેલા અને તેઓના કાકાના દીકરા પીયુશને એક પ્રાઈવેટ વાહનમાં તેઓ તથા તેઓના કાકા મનોજભાઈ દશરથભાઈ મકવાણા તેઓ બંને જણા પીયુશને ધારપુર સીવીલ હોસ્પીટલમાં લઈ ગયેલા. તેઓને ત્યાં તેમને ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરેલા. ત્યારબાદ તેમને આખી રાત ત્યાં રાખેલા અને મેડીકલ વોર્ડમાં દાખલ કરેલા.

પીયુશભાઈને ઢીંચણથી નીચેના ભાગે ફ્રેકચર થયેલાનું ડોકટરે જણાવેલ અને પગનું ઓપરેશન કરેલ. અકસ્માત કરનાર ગાડીનો નંબર તેમણે જોયેલ નહી પરંતુ પોલીસે સીસીટીવી કેમેરામાં નંબર જોયેલ અને તે નંબર તેમણે તેઓના પોલીસ જવાબમાં લખાવેલ. ગાડી ચાલક કોણ હતા તેને સંપર્ક કરવા કોશીશ કરેલ. તેનું નામ લવકુમાર હોવાનું તેમણે પાછળથી જાણેલ. આ લવકુમારે શરુઆતમાં સારવારના પૈસા આપવા જણાવેલ પણ પાછળથી સારવારના પૈસા આપવાની ના પાડેલ આથી સમાધાન થયેલ નહી. આ બનાવની ફરીયાદ પીયુશભાઈએ આપેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલી. બનાવ સમયે તેમણે ગાડી ચાલકને જોયેલ પણ કાચમાં ચહેરો બરાબર દેખાયેલ નહી. તેઓ તેને જોયેથી ઓળખી શકે નહી.

**૧૧.૧** આ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓનું નામ, સરનામું અને ઉંમર પુછેલ. તેઓએ જવાબ લખાવેલ.

**૧૨.** આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૯ થી આઈ.ઓ. ગંગાબેન ભીખાભાઈને તપાસવામાં આવેલ છે. આ આઈ.ઓ. તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૬/૧/૨૦૨૪ ના અરસામાં તેઓ બાલીસણા પો.સ્ટે.માં વુ.હે.કો. તરીકે તેઓની ફરજ બજાવતી હતી. તે વખતે આ કામના પી.એસ.ઓ.એ તેમને સદર પો.સ્ટે.ના ગુ.ર.નં.૧૪/૨૪, ઈ.પી.કો.–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટ મુજબના ગુનાની તપાસ તેમને ડેપ્યુટ હુકમથી સોંપેલી. જે આંક–૨૦ થી રજુ કરેલ છે.

**૧૨.૧** આ આઈ.ઓ.ની આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં તેઓએ કબુલ કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ હાઈવે રોડ આવેલ છે અને ત્યાં લોકોની અવર જવર રહે છે. બનાવવાળી જગ્યાએ રહેણાંકના મકાનો આવેલા છે. બનાવવાળી જગ્યાએ આવેલ સોસાયટીના રહીશના નિવેદન આ કામે લીધેલ નથી.

**૧૩.** આમ, ફરિયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું

પરસ્પર મુલ્યાંકન કરતાં આ કામે ફરિયાદ આંક–૧૧ થી રજુ થયેલ છે. સદર ફરિયાદ હકિકતના સમર્થનમાં આ કામના ફરીયાદી પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં આ કામના આરોપીએ ખર્ચ આપવાની વાત કરેલ હતી અને પાછળથી તેને તેઓનો સારવાર ખર્ચ આપવાની ના પાડી આથી તેમણે બનાવની ફરીયાદ દાખલ કરેલાનું જણાવેલ છે. વધુમાં સદર ફરીયાદી પોતાની ઉલટતપાસમાં આરોપીનું ૫૦% મોઢું જોયેલ હોવાની અને બનાવની ફરીયાદ બનાવના દિવસે આપેલ ન હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સારવારનો ખર્ચ આરોપીએ આપેલ ન હોઈ, હાલના ફરીયાદીએ ફરીયાદ લેટ આપેલ હોવાનું જણાય આવે છે. વધુમાં બનાવ સમયે અંધારું હોવાનું ફરીયાદીએ કબુલ કરેલ છે અને આ કામના આરોપીનું બનાવ સમયે ૫૦% મોઢું જોયેલ હોવાની હકીકત જણાવે છે. પરંતુ બનાવ સમયે અંધારું હોવાથી બનાવ નજરે જોનાર સાહેદ મનોજભાઈ સેવંતીલાલે આરોપીનું મોઢું કાચમાં બરાબર દેખાયેલ ન હોવાનું જણાવતાં હોઈ, સદર ફરીયાદીએ બનાવ સમયે આરોપીનું ૫૦% મોઢું જોયેલ હોવાની હકીકત અંગે શંકા ઉભી થાય છે. વધુમાં હાલના કામે સાહેદ શૈલેષભાઈ હરજીભાઈને આંક–૧૫ થી તપાસેલ છે. પરંતુ સદર સાહેદે બનાવ નજરે જોયેલ હોય તેવી હકીકત પોતાની જુબાનીમાં જણાવેલ નથી. જેથી સદર સાહેદે ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી. વધુમાં સદર સાહેદે પોતાની સરતપાસમાં સમાધાન બાબતે લવકુમારને તેઓના કાકા દશરથભાઈ સાથે વાત કરેલ હોવાનું જણાવેલ અને સારવાર ખર્ચ આપવા બાબતે સમાધાન થયેલ નહી તેવી હકીકત જણાવેલ છે. આમ, સદરહું ફરીયાદ આરોપીએ સારવાર ખર્ચ ન આપતા ફરીયાદીએ કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાય છે. વધુમાં સાહેદ મનોજભાઈ સેવંતીલાલ કે જેઓ હાલના કામે બનાવ નજરે જોનાર સાહેદ પણ છે તેઓને આંક–૧૬ થી તપાસેલ છે. સદર સાહેદે પોતાની સરતપાસમાં બનાવ નજરે જોયેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે, પરંતુ ગાડીના ચાલકને જોયેલ પણ કાચમાં ચહેરો બરાબર દેખાયેલ ન હોવાની હકીકત જણાવેલ છે. જેથી સદર સાહેદે પણ આરોપીને

બનાવ સમયે જોયેલ હોય તેવી હકીકતને સમર્થન મળતું નથી.

**૧૪.** આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૩ રજુ થયેલ ગુન્હાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદને તપાસવામાં આવેલ છે અને ફરીયાદી પિયુષકુમાર શૈલેષભાઈ મકવાણા તેઓના કાકાના દિકરા થાય છે. જેથી તેઓ ઈન્ટરેસ્ટેડ વીટનેશ હોઈ, તેઓની જુબાની ઉપર પણ આધાર રાખી શકાય નહીં. વધુમાં આઈ.ઓ.ની બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં બનાવવાળી જગ્યાએ હાઈવે રોડ આવેલ છે અને ત્યાં લોકોની અવર જવર રહે છે. બનાવવાળી જગ્યાએ રહેણાંકના મકાનો આવેલા છે. બનાવવાળી જગ્યાએ આવેલ સોસાયટીના રહીશના નિવેદન આ કામે લીધેલ ન હોવાનું સ્વીકારેલ છે. આમ, હાલના કેસમાં સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ ન હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. જેથી ફરીયાદીના હિત ધરાવતા સાહેદોના નિવેદનો લીધેલ છે અને તેઓએ પણ બનાવ નજરે જોયેલ ન હોવાનું જણાવતાં હોઈ તેમજ આ કામે બનાવ નજરે જોનાર સાહેદ મનોજભાઈ સેવંતીલાલે પણ પોતાની સરતપાસમાં બનાવ સમયે તેમણે ગાડી ચાલકને જોયેલ પણ કાચમાં ચહેરો બરાબર દેખાયેલ ન હોવાનું જણાવતા હોઈ તેમજ આ કામના આરોપીએ ફરીયાદીને સારવાર ખર્ચ આપેલ ન હોઈ, જેથી હાલની આ મોડી ફરીયાદ કરેલ હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. જેથી આ કામના આરોપીએ હાલના ફરીયાદીને પાછળથી ગાડી નં.જીજે.૦૧.કેએ.૨૮૮૭ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે તેની ગાડી હંકારી ફરીયાદીને અકસ્માત કરતા નાની મોટી ઈજાઓ કરી જમણા પગે ફ્રેકચર કરી તેની ગાડી લઈ ગયેલ હોવાની હકીકતને નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, મુદ્દા નં.(૧) નો જવાબ **નકારમાં** આપી, મુદ્દા નં.(૨) અંગે નીચે **આખરી હુકમ** ફરમાવું છું.

**–:: <u>હુ ક મ</u> ::–**

**૧.** આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪, ૧૮૭

મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ ની કલમ–૪૩૭(ક) મુજબ આરોપીએ જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

ઠરાવ આજ તા.**૦૩ જી,** માહે **ફેબ્રુઆરી,** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૩.૦૨.૨૦૨૫
પાટણ.

**(ડો. હિરલ પી.જોષી)**
એડી. જયુડી.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પાટણ.
UI Code No.GJ 01453

mvs/-